

## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

079-23226251

*ઈવીએમ લોચાના જાહેર પરચા થાય છે*
*ફરિયાદ કરે તો પંચને મરચાં થાય છે,*
*ખર્ચા થાય સાવ ખોટા મશીન રીપેરીંગના -*
*ચૂંટણીપંચ ના તાટસ્થ્યની ચર્ચા થાય છે...!!*

હાઈકુ

*પગ કરીને -*
*આ નાણાં જાય છે કયાં?*
*'સુપ્રીમ' ચિંતા...*

*'શૌચાલય' છે*
*ખાયકી નો અપચો -*
*'વિકાસ' નથી*

*(બાંધકામના પાંચ હજાર કરોડ ગૂમ)(રૂપાણી ગિન્નાયા!)*

### ચિંતન

*તાહિ કિ સંપતિ સગુન સુભ, સપનેહું મન બિશ્રામ ।*
*ભૂત, દ્રોહ રત મોહ બસ, રામ બિમુખ રતિ કામ ॥*

ઉપરોક્ત ચોપાઈ લંકાકાંડમાંથી લેવામાં આવેલ છે.

જે બીજાનો દ્રોહ કરે છે, મોહ વશ છે, મોહ વશ છે, રામ વિમુખ છે, કામાસક્ત છે, તેને સ્વપ્નમાં પણ કદી સંપત્તિ, શુભશુકન કે શાંતિ નહિં મળે.

જે સદા મોહવશ થઈ - માયા-મમતા-ક્રોધ- અને ઈન્દ્રિય સુખમાં આસક્ત રહે છે - ઈશ્વરનું સ્મરણ કરતા નથી અને પોતાની જ શક્તિઓના જ અભિમાનમાં મદમાં ગૂમાની થઈ રહરે છે તેમને હૃદયની - મનથી શાંતિ કે સુખ મળતાં નથી. સદાય અદ્વિગ્ન રહે છે. અસંતોષ અને અસુખથી સદાય દુ:ખી રહે છે.

બધી બાબતો, ચિંતાઓ ઈશ્વરને સમર્પિત કરી નિર્ભય અને નિર્લેપ જીવન જીવવાથી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે.

### સુવિચાર

- ખુશીનો અર્થ મુશ્કેલીઓની ગેરહાજરી નહીં
  પરંતુ તે મુશ્કેલીઓમાંથી સુપેરે બહાર નીકળવાની આવડત અને તાકાત છે - **અમૃતબિંદુ**
- સ્નેહ જયારે વાણીમાં પ્રગટ થાય છે ત્યારે તેને સ્તુતિ કહે છે અને
  સ્નેહ જયારે ક્રિયામાં પ્રગટ થાય છે ત્યારે સેવા બની જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વાસના વ્યક્તિને ખતમ કરે છે, જયારે પ્રેમ ખુદને ખતમ થવા માટે તૈયાર રહે છે - **જનકલ્યાણ**
- જયાં સુધી વ્યક્તિ સ્થૂળ, સુક્ષ્મ અને કારણ શરીરનો ત્યાગ ન કરી શકે
  ત્યાં સુધી મુક્તિ અસંભવ - **સ્નેહલ ભટ્ટ**
- જરૂર હોય તેટલું જ બોલવામાં આવે તો ખરેખર દુનિયામાં શાંતિનું સામ્રાજય ફેલાઈ જાય છે - **કાંતિ ભટ્ટ**
- સંતોષની તોલે સામ્રાજય પણ ન આવે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ - પાકેલા પપૈયાનો ગર ચહેરા પ લગાવાથી ખીલની તકલીફ દૂર થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

માલ્યા હોય કે ચંદન ચોર વીરપ્પન મોટો ગુન્હેગાર - ગુંડો - ચોર લૂંટારૂ - દુષ્કર્મી બધાને કુદરત - વિધાતા - ન્યાય કરે જ છે . ઈશ્વરના ઘરે દેર હશે પણ અંધેર તો નથી જ.

એક નાનાં શહેરમાં કુખ્યાત ગુંડો, શહેરમાં દાદાગીરીનું સામ્રાજય ચલાવતો હતો. કાયદો-ન્યાય ભગવાનનો ડર એને કંઈ જ લાગું પડતું ન હતું.

પૌત્ર એ દાદાને પૂછ્યું - દાદા, આવા ગુંડાને ભગવાન સજા કેમ કરતા નથી? શું ભગવાન પણ એનાથી ડરતા હશે?

દાદા કહે ના, બેટા, એના પાપનો ઘડો ભરાઈ જશે એટલે ફૂટશે... ઈશ્વર એ ઘડો ભરાવાની જ રાહ જુએ છે.

પૌત્ર - તો શું દાદા, પુણ્યનો પણ એવો ઘડો હોય અને એ પણ ભરાઈ જાય ત્યારે શું થાય?

દાદા-બેટા, પુણ્યનો ઘડો ન હોય એનો તો મહાસાગર હોય એ કદી છલકાય નહીં. પાપનો અંત હોય, પુણ્યનો કોઈ અંત નથી, એનો સંગ્રહ ન હોય - એ વાપરવાનું અને કરીને માણવાનું હોય એનો આનંદ કંઈક ઓર જ હોય છે. પાપ કરીને ભોગવવાનું હોય પુણ્ય કરીને માણવાનું હોય છે.

# અમેરિકાની સર્વોપરિતાનો ટેસ્ટ કેસ

**તંત્રીસ્થાનેથી...**

અફઘાનિસ્તાનમાં વિશ્વનો સૌથી મોટો બિનપરમાણું બોબ ઝીંકીને અમેરિકાના ટ્રમ્પ શાસને એની જગત-જમાદારીનો પરચો આપી દીધો છે. ટ્રમ્પ માટે એમના પૂર્વસૂરિ ઓબામા કે બુશની પંગતમાં બેસવું અનિવાર્ય બની ગયું હતું. જો પોતાની રાક્ષસી તાકાતનું પ્રદર્શન ન કરે તો અમેરિકા વિશે બાકીની દુનિયામાં ખુદ ટ્રમ્પે જ ચૂંટણી પ્રચાર દરમિયાન ફેલાવેલ અધોગતિ તરફ સરી રહેલ મહાસત્તાવાળી અફવા સાચી ઠરે. એથી ડોનાલ્ડ ટ્રમ્પે એમના પ્રતાપી પૂર્વ પ્રમુખોની જેમ આતંકવાદના ગઢ સમા ઈસ્લામિક સ્ટેટને નિશાન બનાવી અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના સરહદી પહાડી વિસ્તારમાં આતંકીઓના અડ્ડા પર 'મધર ઑફ ઓલ બોમ્બ' ઝીંકી પોતાની ધાક બેસાડવાનો પ્રયાસ કર્યો છે. એમેરિકી એરફોર્સ મારફત ઝીંકાયેલ આ મહાકાય બોમ્બ એ પરમાણું બોમ્બ નથી એ મોટું આશ્વાસન છે. એથી ઈસ્લામિક સ્ટેટના કેટલાક અડ્ડાઓ નાશ પામ્યા છે અને કેટલાક આતંકવાદીઓનો પણ ખાત્મો બોલાવી શકાયો છે, પરંતુ હામિક કરઝાઈ જેવા અફઘાનિસ્તાના પૂર્વ પ્રમુખ હામિદ કરઝાઈએ તો ત્યાં સુધી કહ્યું છે કે અમેરિકાએ અફઘાનિસ્તાનને એની લશ્કરી તાકાતની લેબોરેટરી બનાવી દીધું છે. ઈસ્લામિક સ્ટેટ દુનિયા માટે ખતરો છે, તે વાત સાથે ભાગ્યે જ કોઈ અસહમત થશે, પરંતુ એની કમ્મર તોડી નાખવા માટે અફઘાનિસ્તાન જેવી ગરીબડી ભોમકાનાં ગરીબડાં લોકને થથરાવી મૂકવાનું પગલું માનવતાની દૃષ્ટિએ યોગ્ય લેખાશે ખરું ? ઈસ્લામિક સ્ટેટના સંસ્થાપક અલ બગદાદી સામે અમેરિકા અને રશિયા-બેઉ લશ્કરી મહાસત્તાઓ વર્ષોથી ઝઝૂમી રહી છે પણ હજી સુધી એનો વાળ વાંકો કરી શકી નથી. આખી દુનિયા જાણે છે કે સીરિયા મુદ્દે અમેરિકા અને રશિયા વચ્ચે ભારે મતભેદ પ્રવર્તે છે. બીજી તરફ ઉત્તર કોરિયાનો સરમુખત્યાર એની પરમાણુ તાકાતના પરચા બતાવતો રહો છે, જેને જેર કરવા અમેરિકાને એનો નૌકા કાફલો રવાના કરવો પડ્યો છે. અફઘાનિસ્તાનના દુર્ગમ પહાડી વિસ્તારોમાં આતંકવાદીઓનાં આશ્રય સ્થાનોની પાકી માહિતી મેળવ્યા બાદ જ અમેરિકાએ મહાકાય બિનપરમાણુ બોમ્બ ફોડ્યો છે, પરંતુ ઉત્તર કોરિયા તો એમરિકાને પરમાણુ ધમકી જ આપતું રહ્યું છે. હવે જો માથાફરેલ સરમુખત્યાર દક્ષિણ કોરિયા અને જાપાન સ્થિત અમેરિકી લશ્કરી થાણાં પર હુમલો કરી બેસે તો નાછૂટકે અમેરિકાએ ઉત્તર કોરિયાના આક્રમણને એવી જ ભાષામાં જવાબ આપવાની ફરજ પડશે. પરંતુ ત્યાં ચીન આડું આવે છે. ચીન ઉત્તર કોરિયાનું સહયોગી છે એટલે જેમ એ ભારત વિરુદ્ધ પાકિસ્તાનની તરફદારી કરતું રહ્યાં છે એમ ઉત્તર કોરિયાની પડખે ઊભી રહી અમેરિકા સામે બાકરી બાંધતાં વાર નહીં લગાડે. આવી સ્થિતિમાં ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળવાની સંભાવના નકારી શકાય નહીં. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે અમેરિકાની સર્વોપરિતા એ મૂછનો સવાલ છે. જાપાન પર ૧૯૪૫માં ઝીંકેલા પરમાણું બોમ્બની વિનાશક અસરો પછી અમેરિકા પરમાણું બોમ્બ ઝીંકતાં પૂર્વે સો ગરણે ગાળીને પાણી પીશે, પરંતુ બિનપરમાણું બોમ્બ ઝીંકીને એણે પોતાની યુદ્ધક્ષમતા અકબંધ હોવાની અને કોઈને ગંધ સુદ્ધાં ન આવે એમ દુનિયાના કોઈ પણ વિસ્તાર પર હુમલો કરવાની તાકાત અને હિંમત હોવાની પણ પ્રતીતિ કરાવી દીધી છે.

# મિલ્કત ખરીદનાર પાસેથી વેચાણ અવેજ મેળવ્યા બાદ વેચાણ રદબાતલ ના ઠરાવાય



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

જયારે કોઈ વ્યક્તિ પોતાની મીલ્કત વેચાણ કરી વેચાણ લેનાર પાસેથી અવેજ મેળવ્યો હોય તેવા સંજોગોમાં કોઈપણ કારણસર આવો વેચાણ વ્યવહાર વેચાણ કરનાર વ્યર્થ ના કરી શકે કે રદબાતલ ના ઠરાવી શકાય તેમજ વેચાણ આપનાર આવા દસ્તાવેજોને પડકારી શકશે નહિ. છેતરપીંડીનો માત્ર આક્ષેપ કરવાથી તે સાબીત થતો નથી પરંતુ આવા આક્ષેપ કરનારે તે પુરાવા સહ સાબીત કરવા જોઈએ કોઈપણ કાયદાના ભંગ બદલ વેચાણ દસ્તાવેજ રદબાતલ ગણાય તેવું કારણ લઈ દસ્તાવેજ પડકારી શકાય નહિ મુળ માલીકે કરી આપેલ દસ્તાવેજને સમય મર્યાદા વિત્યા બાદ અચાનક જાગનારને કાયદો મદદ કરે નહિ આવી અપીલને સમય મર્યામાંનો સ્પષ્ટ બાધ નડે અને તે દાખલ કરવા પાત્ર છે કે કેમ તે ઓથોરીટી નક્કિ કરશે આવા કિસ્સામાં માલીક તરફે દાખલ કરવામાં આવતી અપીલ કાર્યવાહીઓ માત્ર કાયદા દ્વારા પ્રતિબંધ હોવાથી સમય મર્યાદા વડે જ પ્રતિબંધિત ગણાય તેટલું જ નહિ પરંતુ ઉપેક્ષા અને મુક સંમતિ વડે પણ પ્રતિબંધ ગણાય છે. આવા કેસમાં માલીકના પક્ષે કરેલ કૃત્ય એ કાયદાની પ્રક્રિયાનો દુરઉપયોગ જ ગણાય છે.

એકવાર વેચાણ દસ્તાવેજ નોંધાઈ ગયો હોય અને તેની અન્ટ્રી પણ રેવન્યુ રેકર્ડમાં મામલતદારે પ્રમાણિત કરેલ હોય ત્યારબાદ નવ વર્ષ બાદ મુળ માલીક મામલતદારના હુકમને પડકારી અપીલ કરી આવી નોંધ રદબાતલ ઠરાવવા દાદ માંગતા નામદાર કલેકટરશ્રીએ મામલતદારનો હુકમ સેટેસાઈડ કરી નવેસરથી કામ ચલાવવા કેસ રીમાન્ડ કરેલ જેની સામે રેવન્યુ ટ્રીબ્યુનલમાં વેચાણ દસ્તાવેજ કરનારે અપીલ ગુજારતા રેવન્યુ ટ્રીવ્યુનલે નામદાર કલેટરશ્રીનો હુકમ રદબાતલ ઠરાવી નોંધ મંજુર રાખતો મામલતદારનો હુકમ પથાવત ઠરાવવા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ અપીલ દરમ્યાન મુળ માલીકનું મૃત્યુ થતા વારસદારોએ પણ મામલતદારના હુકમને પડકારતી અપીલ કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટે ચાલતી અપીલમાં એવા તારણ ઉપર આવેલ કે મુળ માલીકોએ જમીનનો વેચાણ અવેજ સ્વીકારેલ છે અને વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે ખાતેદાર પાસેથી નાણા મેળવ્યા બાદ એવા આધારે વેચાણ દસ્તાવેજને પડકારી શકયો ન હોય કે તેવું વેચાણ વ્યર્થ હતુ, છેતરપીંડીનો આક્ષેપ માત્ર રજુ કરવાથી સાબીત થતો નથી કેવી રીતે છેતરપીંડી થઈ છે તે પુરવા સહ અપીલ કરનાર કે આક્ષેત કરનારે સ્પષ્ટ રીતે સાબીત કરવું જોઈએ વેચાણ વ્યવહારનો સમય વિતે આવા વ્યવહાર પડકારી શકાય નહિ તેમજ જો આવા વેચાણ વ્યવહાર અન્ય ગણોત કાયદાને લીધે રેવન્યુ રાહે રદબાતલ ઠરે તો તેનો ટેકનીકલ લાભ વેચાણ કરતા ઉઠાવી શકે નહિ. આવા વેચાણ વ્યવહાર જો ગણોત ધારાની કલમ ૮૪(સી) મુજબ પણ અમાન્ય ઠરે તો આવી જમીન મુળ માલીકને તેવા કારણસર પરત આપી શકાય નહિ આવો વેચાણ વ્યવહાર સમય મર્યાદામાં પડકારવો જોઈએ ઉચિત સમય વિતે આવા વ્યવહારને પડકારવામાં આવે તો કોઈ જ કાયદાકિય લાભ મુળ માલીકની તરફેણમાં મળી શકે નહિ. કાયદો જાગતાને મદદ કરે ગણોત ધારા કલમ ૬૩ નો ભંગ થયો હતો તો અપીલ દાખલ કરવા માત્ર સમય મર્યાદાથી જ પ્રતિબંધિત હતી અપીલ કરતા કે જેઓ પોતે માલીક પક્ષે થયેલ આવું કૃત્ય એ બીજુ કોઈ નહિ પણ કાયદાની પ્રક્રિયાના દુરઉપયોગ માત્ર હતો. ૮૪(સી)ની કાર્યવાહીને ઉચ્ચ સત્તાવાળાએ કયારેય પડતી મુકવાનો કે પુન: સમીક્ષામાં લેવાયો નથી માત્ર સમય મર્યાદા બહારની અપીલને સેટે સાઈડ કરેલ કે જે ચાલવા પાત્ર ન હોતી રેવન્યુ ટ્રીબ્યુનલે નાયબ કલેકટર દ્વારા પસાર આવા હુકમને બહાલી આપેલ છે. ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલે નોંધવામાં આવેલા તરણો હુકમ વિનાના તેમજ વિકૃત હોય વિવાદી હુકમ રદ અને સેટે એસાઈડ થવા પાત્ર છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલના હુકમ સામે થયેલ આવી અપીલમાં નાયબ કલેકટરના હુકમને રદબાતલ ઠરાવેલ અને મામલતદારે કરેલ હુકમને માન્ય રાખતા અપીલ કરતાની અપીલને રદ અને સેટેએસાઈ જાહેર કરેલ જે વ્યક્તિએ કોઈ મીલ્કત અંગે પોતે વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હોય અને ખરીદનાર પાસેથી અવેજ મેળવ્યો હોય ત્યારબાદ કોઈ કાયદાના ભંગ બદલ તેવું વેચાણ વ્યર્થ ગણાય તેવો આધાર લઈ વેચાણ કરનાર વ્યક્તિ યાને મુળ માલીકે પોતે કરી આપેલ વેચાણ દસ્તાવેજને પડકારી શકે નહિ

**અનુસંધાન પાના નં. ૫ પર**

# બાળકો સાથે સફળતાપૂર્વક કામ પાર પાડવાનું રહસ્ય એના વડીલ ન બનવામાં રહેલું છે



WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

બાળકો સાથે સફળતાપૂર્વક કામ પાર પાડવાનું રહસ્ય એના વડીલ ન બનવામાં રહેલું છે.

બાળકો વિષે આજકાલ બધે જ ચર્ચાઓ યોજાઈ રહી છે. દરેક મા-બાપ બાળકને બધી જ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રાખવા ઈચ્છે છે. બાળકને આગળ રાખવા માટે પોતે પણ સતત પ્રયત્નશીલ રહે જ છે. પણ આ બધું એક વડીલ બનીને કરવાને બદલે સહજ રીતે કરે તો તેની અસર વધુ ઘેરી બની શકે છે. શ્રી રામાનારાયણ પાઠક આ વિશે સુંદર અને સચોટ વાત લખે છે કે, 'જગતમાં મોટા થવું એમ ડ કૃતકૃત્યતા રહેલી છે. મોટા થવું એટલે બીજી ચીજો અને વ્યક્તિઓ ઉપર સ્વામિત્વ મેળવવું. અને સ્વામિત્વ એટલે ખરાબ કરવાનો હક. મારું છોકરું હોય તેને માંદુ પાડવાનો માત્ર મને જ હક છે. મારા છોકરાને કાંઈ પણ સારું શીખવવાનો ગમે તેને હક છે; પણ ખરાબ શીખવવાનો, મારામાં જેટલા દુર્ગુણો હોય તેટલા બધા શીખવવાનો, મને એકલાને જ હક છે. તેજ પ્રમાણે પોતાની પત્નીને પણ ગાળ દઈને બોલાવવાનો, લાકડી મારવાનો માત્ર તેનાં સ્વામીને હક છે. સ્વામિત્વનું ખરું રહસ્ય જ ખરાબ કરવામાં રહેલું છે.'

સ્વામિત્વનું આ સત્ય નહીં સમજાવાથી આપણે ખૂબ અધીરા બની જઈએ છીએ. જો ખરેખર આ વાત સમજાઈ જાય તો સ્ત્રી-સ્વાતંત્ર્યની અને કેળવણીની વાતો કરવાની પણ કોઈ જરૂર જ ન રહે. બગીચામાં ખીલેલા ફુલને છોડ પરથી તોડીને જયારે ઘરની અંદર લઈ આવીએ છીએ ત્યારે પણ આપણો તેના પર આધિપત્ય જમાવવાનો જ ભાવ પ્રગટે છે. પરિણામે, પુષ્પની સુંદરતાને માણવાને બદલે તેનાથી પોતાનું ઘર સજાવવાની ઈચ્છા થઈ આવે છે. બાળક એ એક જન્મજાત ખૂબીઓ સાથે જન્મેલો જીવ છે. આપણે માત્ર સાક્ષીભાવે એનામાં રહેલી ખૂબીઓ અને ખામીઓથી તેને માહિતગાર કરાવવાનું હોય છે. પણ આપણે તેના પર માલિકીહક પ્રસ્થાપિત કરીને પોતાના સપનાઓનો ભાર તેના કોમળ ખભા પર નાખી દઈએ છીએ.

ટોમસ મેકોલે લખે છે કે,

*'મહાન કવિ બનવાની આકાંક્ષા જેને છે.*
*તેણે પ્રથમ તો નાના બાળક બનવાનું છે.'*

મા-બાપ, શાળાઓ કે શિક્ષકો એ તમામ સાથે મળીને બાળકને એની રૂચિ અનુસાર વિસ્તરવાની અને પાંગરવાની છૂટ આપે તો બાળક પોતાના રસના ક્ષેત્રમાં આગળ વધી જ શકશે. આજનો યુગ એ Cut throat Competition નો યુગ છે એ વાત ચોક્કસ માનવી પડે પણ બાળકોને સરકસમાં ખેલ કરનાર યંત્રવત્ રમકડું બનાવી દેવા કરતા તેનામાં વિશ્વાસ રાખવામાં આવે તો તે ચોક્કસપણે અસરકારક નીવડે. દરેક બાળકમાં અવનવા પ્રકારની વિવિધ ખાસિયતો હોય છે. સમય લઈને તેનામાં રસ કેળવવામાં આવે તો તેને પોતાની જાતમાં વિશ્વાસ કરતો બનાવી શકાય. આજના આ સમયમાં નાની ઉંમરમાં આત્મહત્યા કરવાના પ્રયાસોના મૂળમાં બાળકની પોતાને જ ચાહવાની ક્ષમતાનો અભાવ કારણભૂત છે. આપણે સૌ બાળકો તેમજ યુવાનોમાં એટલું તો દૃઢપણે ઠસાવી જ શકીએ કે જીવનમાં કોઈ હાર જીવનનો અંત નથી. શ્રી રમેશ પારેખ લખે છે તેમ,

'કર્યું તેં વ્હાલ, તો સુંદર બની જવાયું છે.'

આપણે સૌએ એક એવા સ્વસ્થ અને ખુશહાલ યુવાપેઢીનું નિર્માણ કરવાનું છે કે જેઓ જીવનને ચાહતાં શીખી જાય. તેઓ અન્ય કોઈને પ્રેમ કરે કે ન કરે પરંતુ, કોઈ પણ પરિસ્થિતિમાં પોતાની જાતને પ્રેમ કરવાનું કયારેય ન ભૂલે. નિરાશ થવું, હતાશ થવું કે નિષ્ફળ જવું એ તમામ બાબતો ક્ષણિક જીવનમાં પ્રવેશે ત્યારે વડીલ થઈને તેમને સલાહ આપવાને બદલે આપણે એક સહૃદયી મિત્ર બનીને તેમની સાથે ઊભા રહીએ. બાળકોને તેમજ યુવાનોને પણ આપણામાં એટલો વિશ્વાસ રહે કે તેઓ નિશ્ચિતપણે પોતાની ભૂલો આપણી સાથે Share કરી શકે છે.

ખરેખર તો જો સ્કૂલ જ ન હોત તો બધાંના બાળપણનો સમય સુખમાં જ ગયો હોત. રજાઓ ફરજિયાત અને શાળાનું શિક્ષણ મરજિયાત હોવું જોઈએ. કેરી પીળી કઈ રીતે થાય? નાળિયેરમાં મીઠું પાણી કોણ રેડે ? રોજેરોજ પ્રાર્થના કરવા છતાં ઈશ્વર ગણિતમાં માર્કસ આપવામાં આટલો ક્રૂર શા માટે થતો હશે ? આવા તમામ પ્રશ્નો બાળકના નાનકડા એવા મનમાં ઉદ્ભવે અને તેના જવાબ ગુગલ પરથી મેળવવાને બદલે એ જીવનમાંથી જ તેને શોધી શકે તો એ ભણતર સાર્થક થયું ગણાય. અને આ પ્રકારની કેળવણી મેળવીને મોટું થયેલું બાળક જીવનની આકરામાં આકરી કસોટીનો હસતા મુખે સામનો કરવાની ક્ષમતા કેળવી શકે. આ તમામ બાબતો જયારે શક્ય બને ત્યારે જ એક સક્ષમ અને માનસિક રીતે દૃઢ મનોબળ ધરાવતા યુવાનોની ભેટ સમાજને આપી શકાશે. મા-બાપ પૈસા ખર્ચીને બાળકને સારામાં સારી સ્કૂલ, કૉલેજ અને હોલીડે પેકેજીસ આપે તેનાથી અત્યારે તો બાળક ચોક્કસ ખુશ થઈ જશે, પરંતુ જયારે જિંદગીની લડાઈમાં તેને લડવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે તે હાર માની બેસે તો તેના ઉછેર અને કેળવણી બંનેમાં ખૂબ મોટી ભૂલ થયેલી ગણાય. આવો, સૌ સાથે મળીને એક એવા સુંદર સમાજનું નિર્માણ કરીએ જયાં કોઈ બાળક કે યુવાન જિંદગીનો અંત આણવા સુધીની અંતિમ હદ સુધી કયારેય ન પહોચે.

Last Seen :

***"નથી જોઈતું આભ, માત્ર બે પાંખ મળે, બે ટહૌકા;***
***નહીં સાગરનો લોભ, મળે બસ એક ન્હાનલી નૌકા,***
***નથી જોઈતો સૂરજ - થોડો તડકો, થોડું તેજ.***
***નથી જોઈતી પૃથ્વી - થોડી માટી, થોડી હેજ."***

**- જયન્ત પાઠક**

- nehalgadhavi101@gmail.com



# દલાઈ લામાની તવાંગ મુલાકાત : આંધળે બહેરું કૂટવાની કવાયત



અતિતની આજ

ડો. હરિ દેસાઈ

તિબેટના ભારતવાસી ધાર્મિક વડા દલાઈ લામાની અરુણાચલ મુલાકાતે ચીન સાથેના ભારતના સંબંધોમાં ફરી ભડકો કર્યો છે.સાબરમતી રિવરફ્રન્ટ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી જે ચીની રાષ્ટ્રપતિ શી ચિનફિંગ સાથે હિંડોળે ઝૂલતા હતા, એમની જ સરકાર હવે દિલ્હી સામે ડોળા કાઢે છે. તિબેટના આધ્યાત્મિક નેતા એવા ૧૪મા દલાઈ લામા તેનજિગ ગ્યાત્સો (મૂળ નામ: લ્હામો દોન્ડુંબ ) ૧૧ મે ૨૦૧૧ સુધી પોતાને તિબેટના રાજકીય નેતા ગણાવતા રહ્યા. નામદાર પોપ જેમ વૅટિકનના શાસક છે એમ જ. ૫ એપ્રિલ ૧૯૫૯ના રોજ ચીનના સામ્યવાદી શાસકોના અત્યાચારોના ત્રાસમાંથી છૂટવા તવાંગ (અત્યારના ભારતીય અરુણાચલ રાજ્યના પ્રદેશ) માર્ગે હજારો શ્રદ્ધાળુઓ સાથે ભારત ભાગી આવ્યા, ત્યારથી એ હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં વસે છે. ભારતે એમને રાજ્યાશ્રય આપ્યો છે. રાજ્યાશ્રયની પૂર્વશરત એ છે કે તેમણે રાજકીય પ્રવૃત્તિ ના કરવી. જોકે, ભારતમાં રહીને ફરીને ચીન થકી તિબેટને સ્વતંત્ર દેશનો દરજ્જો અપાય એ માટે એ સક્રિય રહ્યા, પણ હવે આશા છોડી દીધી છે. તેઓ માને છે કે તિબેટ હવે ચીનનો જ હિસ્સો છે.ચીન અને ભારત વચ્ચે તિબેટ સ્વતંત્ર દેશ હતો. એ 'બફર સ્ટેટ'ની ભૂમિકા ભજવતો હતો. ૧૯૪૯માં ચીનમાં સામ્યવાદી શાસન સ્થપાયા પછી ૧૯૫૦માં બીજિંગે (એ વેળા ચીનની રાજધાનીનું નામ પીકિંગ હતું, હવે બીજિંગ તરીકે ઓળખાય છે) તિબેટને ગપચાવવા લશ્કર મોકલ્યું. નવ-નવ વર્ષ સુધી તિબેટના એ વેળાના ધાર્મિક અને રાજકીય નેતા ચીની સત્તાવાળાઓ સાથે મંત્રણા થકી સમાધાનની કોશિશ કરતા રહ્યા. છેવટે બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામાની ધરપકડનો કારસો રચાયો ત્યારે એમણે ભારત ભાગી આવવું પડ્યું.

ભારત પર ૧૯૬૨માં ચીને આક્રમણ કર્યું એની પાછળ પણ દિલ્હી થકી દલાઈ લામાને રાજ્યાશ્રય આપવા તથા તિબેટને સ્વતંત્ર કરવાની ભૂમિકા મુખ્યત્ત્વે કારણભૂત હતાં. એ યુદ્ધમાં ભારતે ૩૮,૦૦૦ ચોરસ કિલોમીટર પ્રદેશ ગુમાવવો પડ્યો હતો. અક્સાઈ ચીન પર આજે પણ ચીનનો કબજો છે. ભારત-ચીન સરહદ વિવાદ હજુ વણઉકલ્યો છે. ભારત વિરુદ્ધ ચીન અકળાયેલું રહીને, પાકિસ્તાન પર વારી જઈને, દિલ્હીને આંખો કાઢતું રહે છે. અરુણાચલ પ્રદેશના તવાંગના પ્રદેશને ચીન દક્ષિણ તિબેટનો ભાગ લેખાવીને એના પર દાવો કરતું રહ્યું છે. જોકે ભારતે ક્યારેય આ દાવાને માન્ય રાખ્યો નથી. દિલ્હીમાં સત્તારૂઢ કૉંગ્રેસ કે ભાજપ કે અન્ય પક્ષન હોય, બધી ભારતીય સરકારોએ તવાંગને ભારતનું અવિભાજ્ય અંગ ગણાવ્યું છે.

- ૧૯૫૯માં તિબેટને આઝાદ કરાવવાના આગ્રહી વાજપેયીએ જ ૨૦૦૩માં એને ચીનનું અંગ ગણાવ્યું !
- આપણે તિબેટને અલગ દેશ ગણાવવાની મથામણમાં, પણ દલાઈ લામાને મન એ ચીનનું જ છે
- મુલાયમ કહે છે કે મારા વિરોધ છતાં ભાજપે તિબેટને ચીનના ખોળામાં પધરાવવાની મહાભૂલ કરી
- દલાઈ લામાને ભારતરત્ન અપાવવા અરુણાચલમાં આરએસએસ થકી સહી ઝુંબેશ ચલાવાય છે

ચીને ગપચાવેલા તિબેટમાં માત્ર બૌદ્ધ આસ્થાસ્થળો જ નહીં, પણ દુનિયાભરના હિંદુઓનું આસ્થાસ્થળ કૈલાસ માનસરોવર પણ આવેલું છે. સામાન્ય રીતે ધર્મવિરોધી મનાતું સામ્યવાદી શાસન ધરાવતા ચીનને હિંદુઓ થકી કૈલાસ માનસરોવરની યાત્રા મબલક કમાણી કરાવે છે. ચીને તિબેટની બૌદ્ધ સંસ્કૃતિ પર આક્રમણ કરવા સમાન સામ્રાજ્યવાદી પ્રવૃત્તિ નિરંતર ચાલુ રાખી છે. તિબેટની બૌદ્ધ પ્રજા પર અત્યાચાર કરવાની સાથે જ ચીનના હાનવંશીઓને મોટેપાયે તિબેટમાં વસાવીને બૌદ્ધ પ્રભાવને અસરહીન કરવાના પ્રયાસો છેલ્લા છ દાયકા દરમિયાન કર્યા છે. આવી ફરિયાદ દલાઈ લામા અને સમર્થકો સતત કરતા રહ્યા છે. દુનિયા સમક્ષ તિબેટવાસીઓના માનવ અધિકારનો મુદ્દો ચગતો રહ્યો છે.

દલાઈ લામા કાંઈ પહેલીવાર અરુણાચલ કે તેના પ્રદેશ તવાંગની મુલાકાતે ગયા નથી.આ વખતે ખૂબ ગાજવીજ થઇ એટલે ચીનની અકળામણ વધવી સ્વાભાવિક છે. ચીન થકી દલાઈ લામાને ભાગલાવાદી રાજકીય નેતા ગણાવવા છે. ઉપરાંત દુનિયાના કોઈ સત્તાધીશો એમને મળે નહીં કે માન આપે નહીં એવો ચીનનો આગ્રહ રહે છે. તિબેટનું શાસન ચીનની કહ્યાગરી સ્વાયત્ત પરિષદ હેઠળ મૂકાયેલું છે.ચીનના તિબેટ અંગેના વલણને દુનિયાના મોટાભાગના દેશોએ કાને ધરવાનું પસંદ કર્યા વિના દલાઈ લામાને મળવાનું અને આવકારવાનું રાખ્યું છે. વિશ્વમાં ગાંધીજી પછી શાંતિનો સંદેશ પ્રસરાવતા અને માનવ અધિકારોના સમર્થનમાં ઝુંબેશ ચલાવતા રહેલા દલાઈ લામાને ૧૯૮૯માં શાંતિ માટેના નૉબેલ પારિતોષિકથી નવાજવામાં આવ્યા હતા.

ચીનથી કાયમ ચેતતા રહેવાની ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુને એમના નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે સલાહ આપી હતી.૭ નવેમ્બર ૧૯૫૦નો સરદારનો નેહરુ પરનો પત્ર આ બાબતમાં બોલકો છે. જોકે, એ વેળા હિંદી-ચીની ભાઈ-ભાઈનો આલાપ જપવામાં રમમાણ નેહરુને ચીનની આંખમાં રમતાં સાપોલિયાંના ખેલ સમજાયા નહોતા. ૧૯૫૯માં તમામ મુખ્ય રાજકીય પક્ષોની સંમતિ સાથે નેહરુ સરકારે દલાઈ લામા અને અન્ય તિબેટવાસીઓને રાજ્યાશ્રય આપવાનો નિર્ણય કર્યો, એ પછી ચીનનો મિજાજ બદલાયેલો લાગ્યો. ૧૯૬૨માં ચીને ભારત પર આક્રમણ કર્યું અને એમાં ભયાનક પરાજયે નેહરુને આઘાત પહોંચાડ્યો, એ મે ૧૯૬૪માં એમના મૃત્યુમાં પરિણમ્યો.

ભારતના વડા પ્રધાન તરીકે લાલબહાદુર શાસ્ત્રીની કામગીરી ખૂબ વખણાઈ. એ પાકિસ્તાન સાથેનું ૧૯૬૫નું યુદ્ધ જીત્યા. તાશ્કંદમાં ભારત-પાક. કરાર પછીના એમના રહસ્યમય મૃત્યુએ દેશને આંચકો આપ્યો. એમનાં અનુગામી ઈંદિરા ગાંધીએ ૧૯૭૧માં બાંગલાદેશ મુદ્દે યુદ્ધ જીત્યા પછી ૧૯૭૫માં સિક્કિમની પ્રજાની ઈચ્છાથી તેને ભારત સાથે જોડ્યું. તિબેટ પર ચીનનો કબજો હતો, છતાં ભારત સહિતના અનેક દેશોમાંથી બીજિંગની જોહુકમી સામે અવાજ ઊઠતા રહ્યા હતા. ૧૯૫૯થી તત્કાલીન જનસંઘ અને હવેના તેના નવઅવતાર ભારતીય જનતા પક્ષના નેતા અટલ બિહારી વાજપેયી અને બીજા નેતા તિબેટને ફરીને સ્વતંત્ર દેશ તરીકે જોવાના

**અનુસંધાન પાના નં. ૫ પર**